<u>અધિસુચના</u>

<u>નગર રચના યોજના સુરત નં. ૨૩ (રાંદેર)</u>

<u>આખરી યોજના</u>

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રુલ્સ ૧૯૭૯ ના નિયમ ૨૬ના પેટા નિયમ ૯ ની જોગવાઈઓ અનુસાર તેમજ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની કલમ ૫૨ ની પેટાકલમ (૩) મુજબ ટાઉન પ્લાનીંગ ઓફીસર તરીકેના મારા ફાઈનલ સ્કીમ અંગેના નિર્ણયો આજ તા. ૨૯/૩/૦૮ ના શનિવાર ના રોજ જાહેર કર્યા છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ માં થયેલ સુધારા અધિનિયમ સને ૧૯૯૯ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક–૨ ની કલમ ૫૪ મુજબ તેમજ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રુલ્સ ૧૯૭૯ ના નિયમ ૨૬ નો પેટા નિયમ ૯ ની જોગવાઈઓ અનુસાર ટાઉન પ્લાનીંગ ઓફિસર તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયો ના ઉતારા ફોર્મ (ક) અંદર, સ્કીમમાં આવતી દરેક મિલકતના માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત નિર્ણયોથી અસંતોષ થયો હોય તેવી હિત સંબંધ ધરાવતી વ્યકિતઓને/માલિકોને મારા નિર્ણયો ના ઉતારાની નકલ મળે થી માસ એકની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે તે માટે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ માં થયેલ સુધારા અધિનિયમ સને ૧૯૯૯ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક–૨ ની કલમ ૫૫ અનુસાર નિયુકત થતા બોર્ડ ઓફ અપીલના નિર્ણયો માટે મહેરબાન ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જડજશ્રી, ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરતને જરુરી કોર્ટ ફીનો સ્ટેમ્પ લગાવી ત્રણ નકલ માં લેખિત અરજી મોકલી આપવી.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ ૫૩ માં જણાવ્યા મુજબ ટાઉન પ્લાનીંગ ઓફિસરના કેટલાક નિર્ણયો છેવટના છે જયારે કલમ ૫૪માં જણાવ્યા મુજબ ટાઉન પ્લાનીંગ ઓફિસરના કેટલાક નિર્ણયો કાયદા હેઠળ રચાતી બોર્ડ ઓફ અપીલ સમક્ષ અપીલને પાત્ર છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત ફાઈનલ સ્કીમની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયો ની એક નકલ ટાઉન પ્લાનીંગ ઓફિસરની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન જોવા માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તેમજ તે સમજાવવાંની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

(પી.વી.પી.સી.પ્રસાદ)
નગર રચના અધિકારી
નગર રચના યોજના,
નં.૨૩(રાંદેર)સુરત.

સ્થળ: સુરત
તા:૨૯/૩/૦૮

<u>સરનામું</u> :–
નગર રચના અધિકારીની કચેરી,
નગર રચના યોજના, કુલપાડા–કપાદ્રા યુનિટ,
મ્યુનિસિપલ બિલ્ડીંગ, બીજા માળે, બમનજી શેરીના નાકે,
રુઘનાથપુરા મેઈન રોડ, સુરત.